ઝાલોદના સાંપોઈ ગામે રોડ પર મોડી રાતે બનેલી ગંભીર દુર્ઘટના

કાળમુખા અજાણ્યા વાહનની ટક્કરે બાઈક પર સવાર પતિ-પત્નિ અને પુત્રના સ્થળ પર જ મોત

વારંવાર બનતી આવી દુર્ઘટનાઓ છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા લેવાય તેવી લોકમાંગ

(પ્રતિનિધિ) દાહોદ, તા.૮ ઝાલોદ તાલુકાના ઢાઢીયા ગામે નિશાળ ફળિયામાં રહેતા ભરતભાઈ હુરજીભાઈ સેલોતના કાકાનાછોકરા તેરસીંગભાઈ સેલોત, તેનીપત્ની શર્મિલાબેન તથા પુત્ર રાહુલએમ ત્રણેય જણા પોતાની જીજે૨૦ બીએચ-૩૦૫૭ નંબરનીમોટરસાયકલ લઈ લીલવા ઠાકોર ગામે તેમની બહેનના ઘરે ભજનના કાર્યક્રમમાં ગયા હતા. અનેભજનનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સુમિત્રા પિતાની મોટરસાયકલ પર ઢાઢીયા ગામ પરત આવી રહ્યા હતા.દરમિયાન રસ્તામાં ઝાલોદ તાલુકાના સાંપોઈ ગામે સંજેલી કોસિંગ નજીક રોડ પર માથેલા સાંઢની જેમ યમદૂત બની દોડી આવતું એક કાળમુખુ અજાણ્યું વાહન તેરસિંગભાઈ મોટરસાયકલને જોશભેર ટક્કર મારીને નાસી ગયું હતું. ટક્કર ભયાનક રીતે વાગી હતી કે મોટર સાયકલ પર સવાર તરસિંગભાઈ સેલોત, તેની પત્રી શર્મિલાબેન તથા પુત્ર રાહુલ મોટરસાયકલ પરથી હવામાં ફંગોળાઈ રોડ પર જોશભેર પટકાર્તા તૈરસિંગભાઈ ને માથાના ભાગે શરીરે તેમજ હાસે પગે ગંભીર જીવલેલ ઈજાઓ થવા પામી હતી તથા રાર્મિલાબેનને બંને પગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી જ્યારે પુત્ર રાહુલને પણ શરીરે ગંભીર જીવ લઈને ઈજાઓ થવા પામી હતી. આમ ત્રણેય જણાને ગંભીર જીવલેણ જાઓ થતા તે ત્રણેયનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા ગ્રામજનો દોડી આવ્યા હતા અને ગંભીર ઈજાગ્રસ્ત ત્રણેય જણાને ૧૦૮ બોલાવી ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપ્યા હતા. આ ઘટનાની જાણ મૃતક શેલોત પરિવારના સભ્યોને થતા મૃતકના પરિવારજનો ઝાલોદ સરકારી દવાખાના ખાતે દોડી વાયુકા આરોગ્ય કચેરી,ઝાલોદ ત્રણે પુત્રીઓ અને પુત્ર નિરાધાર બન્યા.આ દુર્ઘટનાને કારણે ઢાઢીયા ગામના સહેલોત પરિવાર પર આભ તૂટી પડયું છે. મૃતક તેરસિંગભાઈ સેલોતના પરિવારમાં હવે ત્રણ પુત્રીઓ અને એક પુત્ર નિરાધાર બન્યા છે. આ ગંભીર દુર્ઘટનાના પગલે મૃતકોના પરિવારજનોમાં ભારે શોક જોવા મળી રહ્યો છે.સંજેલી ક્રોસિંગ વિસ્તારનો રસ્તો અકસ્માત ઝોન બન્યો. સ્થાનિકોના મતે ઝાલોદ સંજેલી કોસિંગ વિસ્તારનો રસ્તો લાંબા સમયથી અસ્માત ઝોન બની ગયો છે. ભૂતકાળમાં પણ અહીં ઘણી ગંભીર દુર્ઘટનાઓ સર્જાઈ છે.

કાલોલ તાલુકાના રાયણીયા ગામનો બનાવ

લીમડાનું ઝાડ કેમ વેચવા ન દીધુ તેમ કહી ઝગડો કરતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ, તા.૮ કાલોલ તાલુકાના રાયણીયા ગામે લીમડાનું ઝાડ કેમ વેચવા ન દીધું જેવી નજીવી બાબતે ઝગડો કરીને મારામારી કરતા નોંધાઈ પોલીસ ફરિયાદ કાલોલ તારીખ ૦૮/૧૧/૨૦૨૫ કાલોલ તાલુકાના રાયણીયા ગામના અનિલભાઇ હેમંતભાઈ નાયક દ્વારા વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ વિગત મુજબ પોતાના પિતા અને સાહેદ હેમંતભાઈ આરોપી બળવંતભાઈ છેલાભાઈ નાયક ના ઘર નજીક પોતાના ખેતરમાં ઘાસ કાપતા હતા તે વખતે આરોપી બળવંતભાઈ છેલાભાઈ નાયક, જશીબેન બળવંતભાઈ નાયક, હરેશભાઈ બળવંતભાઈ નાયકે હેમંતભાઈ ને સાથે અગાઉની અદાવત રાખી કહેતા હતા કે તે મને લીમડાનું ઝાડ કેમ ન વેચવા દીધું તેમ કહી માં-બેન સમાણી ગાળો બોલી આરોપી જશીબેન બળવંતભાઈ નાયકે હેમંતભાઈને પકડી રાખી આરોપી બળવંતભાઈ છેલાભાઈ નાયક અને આરોપી હરેશભાઈ બળવંતભાઈ નાયક ના હાથમાં લાકડી લઈ આવી હેમંતભાઈને માથામાં મારી લાકડી અને બરડાના ભાગે મારી ઈજા કરી નીચે પડી જતાં હેમતભાઈ ફરીયાદી અનિલભાઇ નાયક સાથે વાતચીત કરતાં હતા તે વખતે આરોપી કાભઈભાઈ છેલાભાઈ નાયક તથા ભલાભાઈ છેલાભાઈ નાયક ગાળો બોલતા હાથમાં કુહાડી તથા લાકડી લઈ આવી હેમંતભાઈને મારવા જતાં ફરીયાદી અને અન્ય છોડાવવા વચ્ચે પડતાં આરોપી ભલાભાઈ છેલાભાઈ નાયક એકદમ ઉશ્કેરાઈ જઈ સાહેદ કૈલાશબેનને લાકડી કમરના ભાગે મારી તે વખતે આરોપી નં હરેશભાઈ બળવંતભાઈ નાયક એ કૈલાશબેનને જમણા હાથે કોણી નજીક બચકું ભરી ઈજા કરી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા જે અંગેની ફરિયાદ વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ હત્યા કેસમાં ચુકાદો : કૃતિકાને મળ્યો ન્યાય, પ્રેમી મેહુલને આજીવન કેદ

વર્ષ 2021માં માત્ર 19 વર્ષની કૃતિકા બંરડાનું શવ ભાણપુરના જંગલ વિસ્તારમાં મળ્યું હતું

(પ્રતિનિધિ) દાહોદ, તા.૮ પાંચ વર્ષ જૂના પ્રેમ પ્રકરણની ગૂંજતા દાહોદના સંજેલી તાલુકાના ભાણપુર જંગલમાં થયેલી કૃતિકા બંરડાની હત્યા કેસમાં આખરે કાયદાનો કડક હાથ વરસ્યો છે. દાહોદ સેશન્સ કોર્ટએ આરોપી મેહુલ હીમચંદભાઈ પરમારને આજીવન કેદ તથા 1 લાખના દંડની સજા ફટકારી છે. આ રકમ કૃતિકાના માતા-પિતાને આપવાનો હુકમ પણ કોર્ટએ આપ્યો છે.વર્ષ 2021માં માત્ર 19 વર્ષની કૃતિકા બંરડાનું શવ ભાણપુરના જંગલ વિસ્તારમાં મળ્યું હતું.

તપાસમાં બહાર આવ્યું હતું કે પ્રેમ સંબંધોમાં તણાવ બાદ મેહુલ પરમારએ કૃતિકાની નિર્દયતાથી હત્યા કરી હતી. આ ઘટના બાદ આખા વિસ્તારમાં ચકચાર મચી હતી. દાહોદ પોલીસની સતત તપાસ અને સાબિતી એકત્ર કરવાની મહેનત બાદ ન્યાયાલયે આજે ન્યાયનો મોરચો જીતાવ્યો છે. કોર્ટનો આ ચુકાદો સમાજમાં સ્ત્રીઓ પર થતા અપરાધો સામે કડક સંદેશ આપે છે કે કોઈ ગુનેગાર છૂટકારો નહીં મેળવે.

સિંગવડ માહેશ્વરી સમાજનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) સિંગવડ, તા.૮ દાહોદ તથા સિંગવડ માંહેશ્વરી સમાજનું ગૌરવ વધાર થી બાંગડ વંશીકાબેન મુકેશકુમાર જેમને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરામાં એજ્યુકેશન લીધું હતું જ્યારે આ એજ્યુકેશન લીધા પછી ફેશન અને કોમ્યુનિકેશન માં સારી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી હતી જ્યારે તેમને સ્વર્ણ પદક પ્રાપ્ત કર્યું હતું. જ્યારે આ ઉપલબ્ધિ પ્રાપ્ત થતા બાંગડ પરિવાર તથા સીંગવડ માંહેશ્વરી સમાજ તથા બરોડા અને દાહોદ માંહેશ્વરી સમાજનું ગૌરવ વધાર્યું નામ રોશન કર્યું હતું.

મહિલાની જાણ બહાર ન્યુડ વિડિયો બનાવી વાયરલ કરનાર યુવક સામે ફરિયાદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.૮ ઝાલોદના એક પરણિત યુવકે ગામની છૂટક મજૂરી કામ કરતી ત્રીસ વર્ષીય એક પરિણીત મહિલાની જાણ બહાર મંજૂરી વગર તે મહિલાનો ન્યુડ વિડિયો ઉતારી પોતાના રકુંજ થી વાયરલ કરી તથા તે યુવકની પત્નીએ પોતાના પતિના મોબાઈલમાંનો તે ન્યુડ વિડિયો ફળિયાના માણસોને બતાવી તે મહિલાની પ્રતિષ્ઠાને લાંછન લગાડી માનસિક રીતે પરેશાન કર્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ નગરમાં ગામડી રોડ પર સાઈબાબાના મંદિર પાસે રહેતા અજયભાઈ રમેશભાઈ પરમાર નામના યુવકે છૂટક મજૂરી કામ કરતી તેના જ ગામની ૩૦ વર્ષીય એક પરિણીત મહિલાનો તેણીની મંજૂરી વગર તેની જાણ બહાર પોતાના મોબાઈલમાં ન્યુડ વિડિયો બનાવી પોતાના રકંજ થી તે વિડીયો વાયરલ કરી દઈ તેમજ અજયભાઈ પરમારની પત્ની રેખાબેન પરમારે પોતાના પતિ અજયભાઈના મોબાઈલમાં રહેલ તે પરિણીત મહિલાનો ન્યુડ વિડિયો ફળિયાના માણસોને બતાવી તે મહિલાની પ્રતિષ્ઠાને લાંછન લગાડી માનસિક રીતે પરેશાન કરી હતી. આ સંબંધે પીડિત મહિલાએ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઝાલોદ પોલીસે આ સંદર્ભે ઝાલોદ નગરના ગામડી રોડ પર સાઈબાબા ના મંદિર પાસે રહેતા અજયભાઈ રમેશભાઈ પરમાર તથા તેની પત્ની રેખાબેન અજયભાઈ પરમાર વિરુદ્ધ આઈ.ટી એક્ટ કલમ ૬૭,૬૭(એ) તથા ભારતીય ન્યાય સંહિતા એક્ટ ૨૦૨૩ ની કલમ ૭૭ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તે બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

પંચમહાલ LCB પોલીસે મોરવા હડફના વાડોદર ગામે સપાટો બોલાવ્યો

ટ્રકમાં ગુપ્ત ખાનામાં છુપાવેલો વિદેશી દારુ ઝડપી રૂ.77 લાખનો મુદ્દામાલ કબજે લીધો

(પ્રતિનિધિ) ગોધરા, તા.૮ પંચમહાલ LCB પોલીસે મોરવા હડફના વાડોદર ગામેથી પંચમહાલ લોકલ ક્રાઇમ બ્રાન્ચે મોરવા (હડફ) તાલુકાના વાડોદર ગામે રોડ ઉપર નાકાબંધી કરીને ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ટ્રકમાં ગુપ્ત ખાનું બનાવીને લઈ જવાતો રૂ. 61 લાખથી વધુનો દારૂ, પાઈલોટિંગ કાર અને ટ્રક મળીને કુલ રૂ. 77,16,244/- ના મુદ્દામાલ સાથે ત્રણ ઇસમોની ધરપકડ કરવામાં આવી છે. LCBના પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ટાટા એલ.પી. ટ્રક નં. જી.જે.23 વી. 8258 માં અલગથી ગુપ્ત ખાનું

બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે અને તેનું પાઈલોટીંગ મારૂતી સ્વીફટ કાર નં. આર.જે. 03 સી.સી. 2638 નો ચાલક સંજેલી તરફથી સુલિયાત થઈ મોરવા હડફ તરફ આવવા માટે નીકળેલ છે. આ ચોક્કસ બાતમીના આધારે એલ.સી.બી. સ્ટાફના માણસોએ તાત્કાલિક વાડોદર ગામે રોડ ઉપર નાકાબંધી કરી બાતમી મુજબની ટાટા એલ.પી. ટ્રક અને પાઈલોટિંગ કરનાર સ્વીફ્ટ કારને પકડી પાડી હતી.

ટ્રકમાં તપાસ કરતાં નીચેના ભાગે બનાવેલા ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની બોટલો તથા ક્વાર્ટરીયા કુલ 18,304 નંગનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. 61,53,144/- જેટલી થવા જાય છે. દારૂના આ જથ્થા ઉપરાંત પોલીસે ટાટા એલ.પી. ટ્રક કિ.રૂ. 10,00,000/-, પાઈલોટીંગ કરવા માટે ઉપયોગ કરેલ સ્વીફ્ટ કાર કિ.રૂ. 5,00,000/-, મગફળીની બોરીઓ નંગ-90 કિ.રૂ. 27,000/-, તાડપત્રી, દોરડું અને ફાસ્ટેગ સહિત કુલ રૂ. 77,16,244 /- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વેજલપુર ગામે હાઈવેથી મહાદેવ મંદિર થઈ નદી સુધી મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર

(પ્રતિનિધિ) હાલોલ, તા.૮ વેજલપુર ગામે હાઈવે થી મહાદેવ મંદિર થઈ નદી સુધી મનરેગા યોજના હેઠળ ૨૦૨૩-૨૪ અંતર્ગત બનેલ સી સી રોડ માં મોટા પ્રમાણ માં ભ્રષ્ટાચાર જેથી દર્શન કરવા આવતા તેમજ રાહદારીઓ હેરાન પરેશાન કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ હાઈવે થી મોટાં મહાદેવ મંદિર થી નદી સુધી મનરેગા યોજના અંતર્ગત સી સી રોડ બનાવવામાં આવ્યો હતો આ સી સી રોડ ને માત્ર એક વર્ષ જેટલો સમય થયો છે અને તે સી સી રોડ માં ભ્રષ્ટાચાર આચાર્યો હોવાથી સી સી રોડ મોટા મોટા ખાડા પડી તૂટી ગયો છે અનેં આ સી સી રોડ ના કામમાં મનરેગા રેકર્ડ મુજબ તારીખ ૧૩/૧/૨૦૨૪ થી

૧૫/૧/૨૦૨૪ આ સી સી રોડ માં સરપંચ હોદ્દા ઉપર હોવા છતાં ૧૩ દિવસ કામ કર્યા ની હાજરી પુરી સરપંચ દ્વારા તેનું વેતન પણ લેવા માં આવ્યું હોવાનું વિગતો સામે આવી હતી જેથી મનરેગા શાખા ના અધિકારીઓ એ સરકારી નીતિ નિયમો નેવે મૂકી બુધ્ધિ નું પ્રદર્શન કર્યું હોય તેવું લાગી રહ્યું છે મળતી માહિતી મુજબ સરપંચ હોદ્દા ઉપર હોયતો સરકારી કોઈપણ લાભ લઈ શકે છે કેમ તેની તપાસ કર્યા વિના ભ્રષ્ટાચાર આચાર્યો હોય તેવી નળી આંખે દેખાય રહ્યું છે તેમ છતાં મનરેગા ના અધિકારીઓ સહિત અનેક લોકોએ આંખે પાટા બાંધીને ભ્રષ્ટાચાર કરવામાં કોઈ કસર રાખી નથી આવા ભ્રષ્ટાચારી બાબુઓ ના કારણે ગ્રામજનોને મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે.

હાલોલ કે.એસ. શેઠ સાર્વજનિક પ્રસુતિ ગૃહ ખાતે ફ્રી મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ

(પ્રતિનિધિ) હાલોલ, તા.૮ શ્રી હાલોલ મહાજન આરોગ્ય મંડળ તેમજ લાયન્સ ક્લબ ઓફ હાલોલ ધ્વારા હાલોલ કે.એસ. શેઠ સાર્વજનિક પ્રસુતિ ગૃહ ખાતે આજે ફ્રી મેગા મેડિકલ ચેકઅપ અને સારવાર કેમ્પ તથા રક્તદાન કેમ્પ સ્થાનિક ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, આરોગ્ય મંડળના પ્રમુખ ભરતભાઈ પરીખ, લાયન્સ ક્લબના પ્રમુખ તેમજ ક્લબ ના ડીસ્ટ્રીક ગવર્નર તેમજ ટ્રસ્ટ તેમજ ક્લબ ના સભ્ય ની ઉપસ્થિતિમાં કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કાન-નાક-ગળા, દાંત, ફિઝિયોથેરાપી, બાળરોગ અને સ્ત્રીરોગ જેવા વિવિધ વિભાગોના નિષ્ણાત ડૉક્ટરોએ દર્દીઓની તપાસ કરી અને જરૂરી સારવાર પૂરી પાડી હતી.જેમા મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. પોલીકેબ સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશન બ્લડ સેન્ટર ખાતે રાખાયેલા રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ જરૂરિયાતમંદો માટે ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું.

તદુપરાંત, કેમ્પમાં વિનામૂલ્યે સોનોગ્રાફી તપાસ અને તેને લગતા લેબોરેટરી રિપોર્ટ નિઃશુલ્ક કરવાની સુવિધા આપવામાં આવી હતી.

રણધીપુર થી મોરવા હડફ રોડ પર પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદે મહુડાના લાકડા ભરીને લઈ જતો ટેમ્પો ઝડપાયો

સિંગવડ : રણધીપુર રેન્જ તથા મોરવા હડફ રેન્જ ના સ્ટાફ સાથે પેટ્રોલિંગ કરતા હતા તે સમયે રણધીપુર રાઉન્ડ ના પીસોઈ બીટમાં બાતમીના આધારે રણધીપુર થી મોરવા હડફ રોડ પર પેટ્રોલિંગ દરમિયાન અનામત ઝાડ મહુડા ના લાકડા ગેરકાયદા રીતે ભરીને લઈ જતા ટેમ્પો gj 23 ટી 8821 અને ડ્રાઇવર મોહન સોહેલ ગામ ચિખોદરા તાલુકો ગોધરા જિલ્લો પંચમહાલ નો હોય તેને પકડી અને ભા.વ.અ 1927 ની કલમ 41 (2) બી મુજબ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પંચમહાલમાં ખનીજ માફિયાઓ પર સકંજો કરતુ ખાણ અને ખનિજ વિભાગ

ગોધરાના મીરપ ગામેથી 14 લાખનો રેતીનો જથ્થો અને 2 વાહનો જપ્ત કર્યા

(પ્રતિનિધિ) ગોધરા, તા.૮ પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ચોરીની પ્રવૃત્તિઓ સામે ખાણ ખનીજ વિભાગ દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેના ભાગરૂપે ગોધરા તાલુકાના મીરપ ગામે કાર્યવાહી કરવામાં આવી હતી. ખાણ ખનીજ વિભાગની ટીમે રૂટિન ચેકિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે રોયલ્ટી વગર ગેરકાયદેસર રેતીનું વહન કરતા એક ટ્રક અને એક ટ્રેક્ટરને ઝડપી પાડ્યું હતું.

વિભાગની ટીમને ખાનગી બાતમીદારો પાસેથી માહિતી

મળી હતી કે મીરપ ગામ નજીક કેટલાક તત્વો રોયલ્ટી પાસ વગર સાદી રેતીનું ગેરકાયદેસર રીતે વહન કરી રહ્યા છે. આ માહિતીના આધારે, વિભાગની ટીમે તાત્કાલિક તે વિસ્તારમાં ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન, રેતી ભરેલા ટ્રક અને ટ્રેક્ટરને અટકાવવામાં આવ્યા હતા. જેની પાસે રેતીના વહન માટેનો કોઈ કાયદેસર રોયલ્ટી પાસ કે આધાર હતો નહીં. આ કાર્યવાહીમાં ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા બે લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી, જેમની સામે ખાણ ખનીજ વિભાગ દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગેરકાયદેસર રેતી ભરેલા ટ્રક અને ટ્રેક્ટર સહિત કુલ 14 લાખનો મુદ્દામાલ ખાણ ખનીજ વિભાગે જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા તમામ વાહનો અને રેતીના જથ્થાને વધુ કાર્યવાહી માટે ગોધરા કલેક્ટર કચેરી ખાતે સીઝ કરીને રાખવામાં આવ્યો છે. પંચમહાલ જિલ્લામાં કુદરતી ખનીજ સંપત્તિનો મોટો ભંડાર હોવાથી કેટલાક ખનીજ માફિયાઓ ગેરકાયદેસર ખનન અને વહન કરીને સરકારને કરોડોનું નુકસાન પહોંચાડી રહ્યા છે. જોકે, ખાણ ખનીજ વિભાગની આ કાર્યવાહીને કારણે આવા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

પંચમહાલ જિલ્લામાં કુદરતી ખનીજ સંપત્તિનો મોટો ભંડાર હોવાથી અન્ય જગ્યાઓમાં પણ ખનીજ ચોરીની વ્યાપક બૂમો ઉઠી રહી છે. જોકે, ખાણ ખનીજ વિભાગની હાલની કાર્યવાહીમાં મોટાભાગે રોયલ્ટી વગર સાદી રેતીનું વહન કરતા ટ્રક અને ટ્રેક્ટર જ ઝડપાય છે. જિલ્લાના નાગરિકોમાં એવી અપેક્ષા છે

બસમાં બેઠેલા 13 મુસાફરોને ઈજા પહોચી

મોડાસાના યાત્રાળુઓઓથી ભરેલી બસને વાઘજીપુર ચોકડીએ અકસ્માત નડ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.૮ ગોધરા-શહેરા મુખ્ય હાઈવે માર્ગ પર આવેલી વાઘજીપુર ચોકડી નજીક શુક્રવારે બ્રેક ફેલ થતાં એક ખાનગી લક્ઝરી બસ આગળ જતી આઈસર ટ્રક સાથે અથડાતાં મોટો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બસમાં સવાર 13 યાત્રાળુ મુસાફરોને ઈજા પહોંચી હતી. જેમને તાત્કાલિક સારવાર અર્થે શહેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સદનસીબે કોઈ ગંભીર જાનહાનિ થવા પામી ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસાના કુલ 56 યાત્રાળુઓ

ઉત્તર ભારતના પ્રવાસે ગયા હતા. પ્રવાસ પૂર્ણ કરીને આ તમામ યાત્રાળુઓ શુક્રવારે પરત મોડાસા તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન શહેરા-ગોધરા હાઈવે પર વાઘજીપુર ચોકડી પાસે અચાનક ખાનગી લક્ઝરી બસની બ્રેક ફેલ થઈ ગઈ હતી. બ્રેક ફેલ થતાં બસના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસે આગળ ચાલી રહેલી આઈસર ટ્રકની પાછળના ભાગે ટક્કર મારી હતી. અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના લોકો તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બસમાં સવાર કુલ 56 પ્રવાસીઓ પૈકી 13 યાત્રાળુઓને ઓછી-વત્તી ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક મદદે આવેલા સ્થાનિકોએ પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે 108ની ટીમ પહોંચતાં તમામ ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે શહેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી.